ગાંધીનગર સમાચાર

વૈદિક મંત્રોચ્ચારના ધ્વનિ સાથે રંગેચંગે નવરાત્રીનો પ્રારંભ થયો



# એસટી ડેપોમાં આડેધડ વાહન પાર્ક કરતા વાહનચાલકો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર એસટી ડેપોમાં વાહનચાલકો આડેધડ વાહનો પાર્ક કરી મુશ્કેલી ઉભી કરે છે. એસટી ડેપોમાં વાહન ચાલકો એટલા તો બેફામ બન્યા છે કે મુસાફરોને ઉભા રહેવાના પ્લેટફોર્મમાં ગાડી ઘુસાડી દે છે. આવા વાહન ચાલકો સામે એસટી તંત્રએ લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે.

ગાંધીનગર શહેર એસટી ડેપોમાંથી રોજના હજ્જારો મુસાફરો આવનજાવન કરે છે. ડેપોમાં ચોર ખિસ્સા કાતરુઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. એસટી ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત હતી પરંતુ આ વાત માત્ર કાગળ પર અથવા વિસરાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. જયારે ડેપોના નો પાર્કિંગ ઝોનમાં પણ વાહનોનો કાફલો જોવા મળે છે. હદ તો ત્યારે થાય છે કે આડેધડ વાહન પાર્કીંગને કારણે એસટી બસના ચાલકોને પણ ખુબ તકલીફ ઉભી થાય છે પરંતુ કોઈ કહેવાવાળુ ના હોવાથી વાહન ચાલકો બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. જયારે એસટી ડેપોમાં પણ ફુલ સ્પીડે વાહન હંકારતા અનેકવાર નાના મોટા અકસ્માતો સર્જાય છે. ડેપોમાં વાહનચાલકોને કાબુમાં કરવા તેમજ મુસાફરોને ચોરોથી રક્ષણ આપવા પોલીસ ચોકીની તાતી જરુરીયાત ઉભી થવા પામી છે. વાહન મલિકો મુસાફરોને ઉભા રહેવાના પ્લેટફોર્મ પર પણ ગાડી મુકતા અચકાતા નથી. નડતરરૂપ ગાડીને કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે જયારે આવા વાહનમાલિકો કોઈકવાર મુસાફરોને રૂઆબ કરતા પણ નજરે ચઢે છે. એસટી તંત્રએ આવી પરિસ્થિતિમાં ત્વરીત ગેરકાયદેસર વાહનો પાર્ક કર્યા હોય તેવા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે.

(તસવીર : કશ્યપ નિમાવત)



## @ગાંધીનગર

### બીજું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે અમિત ઠાકર અને દીપ્તી દેસાઈ ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ખુશી ઓરકેસ્ટ્રાના ગાયક પ્રદિપ મેઉવા અને ભારતી મેઉવા ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે ભાણાભાઈ મ્યુઝી. ગ્રુપ પેથાપુર દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે તલાજી ઠાકોર દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે કિરણ કલાવૃંદ દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે નાગેશ્વરી કલાવૃંદના ગાયક કિર્તી ઠાકોર ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી મંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે ટીના દેસાઈ (જયશ્રી મેલડી મ્યુઝિકલ ગ્રુપ) ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે રીધમ મ્યુઝીકલ ગ્રુપના આરતી ચાવડા ગરબા રજૂ કરશે.

● વાવોલ ઉવારસદ રોડ પર આકાર કોમ્પ્લેક્ષ ખાતે સવારે ૯ કલાકે યશ્વી ફાસ્ટ ફુડ એન્ડ પાર્લરનો ઉદઘાટન સમારંભ યોજાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે કિરણ કલાવૃંદ દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

- નજાહખાનમ સૈયદ



જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગર દ્વારા રવિવારે સમસ્ત જૈન સમાજ, ગાંધીનગરના તપસ્વીઓનું સન્માન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન કરવા અંગે એક સમારોહનું આયોજન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સભ્યોની નવા વર્ષની ડિરેક્ટરીનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

# આગામી ફેબ્રુઆરી માસમાં સોમવાર સિવાયના તમામ વાર ચાર વખત આવશે

## એક જ માસમાં સાતમાંથી છ વાર સરખી સંખ્યામાં હોવાનો આ વિરલ સંયોગ ૮૨૩ વર્ષે સર્જાશે

ગાંધીનગર, તા.૧૩

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ક્રિશ્ચિયન કેલેન્ડરના આગામી વર્ષ ૨૦૧૬ના ફેબ્રુઆરી માસમાં અનોખો સંયોગ રચાનાર છે. આ સંયોગ મુજબ ૮૨૩ વર્ષબાદ ફેબ્રુઆરી માસમાં સોમવાર સિવાયના તમામ વારની સંખ્યા એક સરખી આવશે.

ગ્રેગોરિયન કેલેન્ડર તરીકે ખ્યાતિ ધરાવતા અંગ્રેજી કેલેન્ડરમાં અનેકવાર આ પ્રકારના વિશેષ સંયોગ જોવા મળતા હોય છે. દર ચાર વર્ષે લીપ યર આવે છે જેમાં ફેબ્રુઆરી માસમાં એક તારીખ વધુ ઉમેરાય છે અને સામાન્ય રીતે ૨૮ દિવસનો ફેબ્રુઆરી માસ લીપ યરમાં ૨૯ દિવસનો હોય છે. અંગ્રેજી કેલેન્ડરની તારીખોની આંકડાકીય વિશેષતા ખાસ કરીને ન્યુમરોલોજીના અભ્યાસુઓને ખુબ આકર્ષે છે. આગામી વર્ષ ૨૦૧૬માં પણ ફેબ્રુઆરી માસ દરમિયાન અનોખો સંયોગ રચાવા જઈ રહ્યો છે. ૨૦૧૬નું વર્ષ લીપ યર હોવાથી ફેબ્રુઆરી માસમાં ૨૯ દિવસ તો છે પરંતુ આ માસમાં રવિવાર, મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર અને શનિવારની સંખ્યા એકસરખી એટલે ચાર છે. મતલબ કે આ માસમાં સોમવાર સિવાયના તમામ દિવસો ચાર વખત આવશે જયારે સોમવાર પાંચ વખત આવશે. આ પ્રકારનો વિશેષ સંયોગ ૮૨૩ વર્ષ પછી જોવા મળશે તેવું ગાંધીનગરના સે-૨૨ના ગહન અભ્યાસુ એચ.એચ. ગાંધીએ જણાવ્યું છે.

# ડિસેમ્બરમાં અમદાવાદ ખાતે સમસ્ત બ્રાહ્મણ સમાજનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદના પશ્ચિમ વિસ્તારના સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા તા.૨૭મી ડિસેમ્બ રવિવારે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જીવનસાથી પસંદગી મેળો પાલડીના સંસ્કાર કેન્દ્ર ખાતે વારે ૯ વાગ્યાથી યોજાશે.

સમસ્ત બ્રહ્મ સમાજના અમદાવાદ પશ્ચિમ એકમ દ્વારા આયોજિત જીવનસાથી પસંદગી મેળો ડિસેમ્બરમાં યોજાશે. જેમાં સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તે અંગે વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. આ જીવનસાથી પસંદગી સંમેલનમાં ગાંધીનગરના બ્રહ્મ સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓએ ભાગ લેવા માટે ભરવાના ફોર્મ મેળવવાની વ્યવસ્થા બ્રહ્મ સમાજ દ્વારા ગોઠવવામાં આવી છે. ફોર્મ મેળવવા માટે ઉમેદવારોએ સે-૧૬માં બ્રહ્મ સમાજ ભવન ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. આ ઉપરાંત સે-૧૧માં સુમન ટાવર ખાતે સમસ્ત બ્રાહ્મણ સમાજ ગુજરાતના મંત્રી તેમજ જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદીના કાર્યાલય ખાતેથી સવારે ૯ થી ૧૧ અથવા સાંજે ૫ થી ૭ વાગ્યા દરમિયાન પણ ફોર્મ મેળવી શકાશે. જે લગ્નોત્સુક યુવક યુવતિઓ આ જીવનસાથી પસંદગી સંમેલનમાં સામેલ થવા ઈચ્છતા હોય તેમણે તાત્કાલિક ફોર્મ મેળવી, ભરીને સમયસર પરત કરવા બ્રાહ્મણ સમાજ ગુજરાતના મંત્રી અશ્વિન ત્રિવેદીએ અનુરોધ કર્યો છે.



ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શ્રીજી ગોવર્ધન નાથજીની હવેલી, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે વૈષ્ણવ ભાઈ/બહેનોના સહયોગથી ઠાકોરજીને શાકભાજી/ફ્રુટ અને ફુલની સાંજીનો સુંદર મનોરથ કરવામાં આવેલ અને ૧૦૦૦ વૈષ્ણવે દર્શનનો સુંદર લાભ લીધેલ હતો.

## વાતવાતમાં

● સે-૩-બી નવરાત્રિ મહોત્સવમાં પાંચમા નોરતે 'બેટી બચાવો' થીમ આધારિત આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ નોરતે માત્ર સેકટરની તમામ બાળાઓ જ આરતી ઉતારશે.

● આજે બપોરે અખબાર ભવનના વિદ્યુત સપ્લાય બોર્ડમાં ખામી સર્જાતા અચાનક વાયરીંગમાં શોર્ટ સર્કિટ થવા પામી હતી. આ સમયે ઉપસ્થિત ચકોર પત્રકારે તુરંત જ મેઈન સ્વીચ ઓફ કરી દેતા વાયર વધુ સળગતો અટકી ગયો હતો અને દુર્ઘટના ટળી હતી.

● સે-૧૭ની લાયબ્રેરીમાં પહેલા દિવસે જ નવરાત્રિની અસર વર્તાઈ હતી. ૧૨ વાગ્યા પછી લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓની હાજરી એકદમ પાંખી રહી હતી શકય છે કે રાત્રે ગરબા માટે ઉજાગરા કરવા બપોરે વિદ્યાર્થીઓએ આરામ કરી લેવાનું મુનાસીબ માન્યું હોય.

● ક રોડ પર વાવોલની દ્વારકેશ સોસાયટી ખાતે છેલ્લા ચાર વર્ષથી નવરાત્રિ દરમિયાન ઉઘરાવેલા ફાળાની બચતને નાસ્તા પાણીમાં વાપરવાના બદલે બચત કરી માતાજીની સુંદર માંડવી તૈયાર કરવામાં આવી છે. આ સોસાયટીમાં આરતીની કોઈ બોલી કે ઉછામણી બોલવામાં નથી આવતી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# ડોકટર્સ પેન્શનર એસોસિએશનની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

પેન્શનર ડોકટર્સ એસોસિએશનની સામાન્ય સભા તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં પેન્શનર ડોકટર્સના પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં નિવૃત્ત ડોકટરો એકત્ર થયા હતા.

અમદાવાદ ખાતે મળેલી પેન્શનર ડોકટર્સ એસોસિએશનની સભામાં સભ્યોએ કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થું દિવાળી પહેલા સમયસર જાહેર થતાં સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો. જયારે સાતમું પગાર પંચ કેન્દ્રના ધોરણે રાજય સરકાર સમયસર સ્વિકારી પહેલ કરી તેવી ચર્ચા કરી હતી. જયારે ફેમિલી પેન્શનમાં અપરણિત દિકરીનો સમાવેશ, ટિક્કુ સમિતિની ભલામણો અન્વયે ૧૭-૧૦-૯૪ના ઠરાવથી વંચિત નિવૃત્ત તબીબોને તેમને મળવાપાત્ર લાભો તાત્કાલીક મળી રહે તે માટે કાર્યવાહી, નામદાર હાઈકોર્ટનો સ્વૈચ્છિક નિવૃત્તિ બાબતનો કરેલ આદેશનો અમલ, વર્ષ ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા તબીબોને કેન્દ્રના ધોરણે જોગવાઈ કરી પેન્શન નક્કી કરવું તે સહિતના મુદ્દાઓની સવિસ્તાર ચર્ચા કરી હતી તેમજ તમામ પ્રશ્નોની સરકારમાં રજુઆત કરવામાં આવશે તેવો ઠરાવ કરાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો હાજર રહ્યા હતા.

# પાટીદાર લેઉવા સમાજની વેવિશાળ ડિરેકટરી અંગે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં વસતા તમામ લેઉવા પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી નામ, સરનામું, ફોટોગ્રાફ, ફોન નંબર, ઉંચાઈ, વજન, ધંધાની વિગતવાળી ડિરેકટરીનું આયોજન કરવામાં આવી રહેલ છે.

સમજના સભ્યોને ઘેર બેઠા જ બધી વિગત મળી રહે તેમજ યોગ્ય રીતે માંગલિક પ્રસંગ્ગો ઉકેલી શકાય તેવી ઉપયોગી માહિતી મદદરૂપ થશે. યુવક યુવતીઓએ બાયોડેટા, કલરફોટો જન્મ અને અભ્યાસના આધાર સાથે તા. ૨૦-૧૦-૧૫ સુધીમાં સવારે ૯.૩૦થી સાંજના ૬.૩૦ દરમિયાન પટેલ સમાજના કાર્યાલય ડૉ. હેતલ પટેલ-ગોલ્ડ કોઈન કોમ્પ્લેક્ષ જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ મો. ૯૯૨૪૦૨૩૩૪૪ ખાતે રૂબરૂ નોંધાવી જવા યાદીમાં જણાવાયું છે.

# સે-૧૯ની ઘરફોડ ચોરીમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

## બે શખ્સો ચોરી કરવા ઘરમાં ઘુસ્યા હતા ને મકાન માલિક આવી જતા બાઈક મુકીને ભાગ્યા હતા : એક અગાઉ પકડાઈ ચુકયો હતો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ ખાતે એક મકાનમાં બે શખ્સો ચોરી કરવા ધોળે દિવસે ઘુસ્યા હતા. તે જ સમયે મકાન માલિક આવી જતા બાઈક મુકીને ચોરો ભાગી ગયા હતા. એકની અગાઉ સે-૨૧ પોલીસે ધરપકડ કરી લીધી હતી. જયારે બીજો શખ્સો નાસતો ફરતો હતો. આ વોન્ટેડ શખ્સની ગઈ કાલે સે-૨૧ પોલીસે ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.



સેકટર-૧૯ ગ-૧ ટાઈપ બ્લોક નં. ૨૫૬/૩ ખાતે રહેતા લલીતકુમાર પ્યારેલાલ કનોજીયા પરિવાર સાથે બહારગામ ગયા હતા તે સમયે તેમના બંધ મકાનમાં બે શખ્સો ઘરફોડ ચોરી કરવા ધોળે દિવસે ઘુસી ગયા હતા. મકાનમાંથી રૂ. ૩ હજાર રોકડા ઉપાડી અન્ય કિંમતી ચીજવસ્તુ ઉપાડવા ફાંફાં મારી રહ્યા હતા તે જ સમયે મકાનમાલિક ઘરે આવી પહોંચ્યા અને બંને શખ્સો ભાગી ગયા હતાં. ડરના માર્યા બંને બાઈક ત્યાં જ મુકીને ફરાર થઈ ગયા હતા. બાઈકના આધારે સે-૨૧ પોલીસે સે-૨૧ના છ-ટાઈપ ખાતે રહેતા દીપક ચંદ્રકાન્ત ચંદનાની ની ધરપકડ કરી લીધી હતી. જયારે બીજો શખ્સ નાસતો ફરતો હતો. ગઈ સાંજે સે-૨૧ પીએસઆઈ સી.બી. ચૌહાણ તથા તેમની ટીમે મુળ રાંધેજા અને હાલ કોબા સર્કલ પાસે રહેતા વોન્ટેડ આરોપી રવિ દલસુખ દંતાણીની ધરપકડ કરી પુછપરછ આરંભી છે.

# શેરથા કસ્તુરીનગરમાં દેશી દારૂના અડ્ડાઓ પર સપાટો

## બે મહિલા સહિત ત્રણ બુટલેગરો વોન્ટેડ : ૧૪૦ લીટર દેશી દારૂ અને ૪૦૦ લીટર વોશ જપ્ત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-કલોલ વચ્ચે સ્થિત શેરથા ગામના કસ્તુરીનગર વિસ્તારમાં અડાલજ પોલીસે દેશી દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવ્યો હતો. ત્રણ દારૂના અડ્ડાઓ પર દરોડા પાડીને અડાલજ પોલીસે ૧૪૦ લીટર દેશી દારૂ તથા ૪૦૦ લીટર વૉશ જપ્ત કર્યો છે. આ ગુનામાં બે મહિલાઓ સહિત ત્રણ બુટલેગરો વોન્ટેડ છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડયા તથા તેમની ટીમે શેરથા ગામના કસ્તુરીનગર વિસ્તારમાં દારૂની ભઠ્ઠીઓ ચાલતી હોવાની બાતમીને આધારે આજે દરોડા પાડયા હતાં. બાતમીવાળા અડ્ડાઓ પર દરોડા પાડવામાં આવ્યા તે પૈકી ત્રણ અડ્ડાઓ પરથી દેશી દારૂનો જથ્થો અને દારૂ ગાળવા માટે વપરાતો વોશનો જથ્થો મળી આવ્યો હતો. રણછોડ શકરા ઠાકોરના ત્યાંથી ૭૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો તે ઉપરાંત સજન ઉર્ફે સજની લલા ઠાકોરના અડ્ડા પરથી પણ ૭૦ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે બંનેના ત્યાંથી રૂ. ૨૮૦૦ની કિંમતનો ૧૪૦ લીટર દેશી દારૂ જપ્ત કરી બંને સામે ગુનો દાખલ કરીને ધરપકડ માટે તજવીજ શરુ કરી છે તો ઉપરાંત ચંપા કચરા ઠાકોરને ત્યાંથી દેશી દારૂ ગાળવા માટે વપરાતો ૪૦૦ લીટર વોશ મળી આવતા વોશ કબ્જે લઈ તેની ધરપકડ માટે પણ ચક્રો ગતિમાન કર્યા છે.

# જ્ઞાનયજ્ઞના પુસ્તકોનો વિરાટ પુસ્તક મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૩

યુગ સાહિત્ય વિસ્તાર યોજના દ્વારા આગામી તા. ૧૯થી ૨૭ ડિસેમ્બર દરમિયાન સવારે ૯ કલાકે સેકટર-૧૨-ડી ખાતે વિરાટ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે નિમિત્તે ૧૮ ડિસેમ્બરના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ગાયત્રી શકિતપીઠથી શોભાયાત્રા નીકળશે. તેમજ જ્ઞાનયજ્ઞના પુસ્તક મેળામાં બ્રહ્મભોજ યોજના અંતર્ગત ૫૦ ટકા મુલ્યમાં પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પુસ્તક મેળામાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પઠવવામાં આવ્યું છે.

# સેક્ટર-૨૬ ખાતે બ્રહ્મસમાજ દ્વારા વિષ્ણુ-સહસ્ત્રનામ મહાપૂજા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ દ્વારા તા. ૧૨ ઓક્ટોબરે સર્વપિતૃ અમાસના રોજ રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ સુધી સ્વર્ગસ્થ સ્વજન (માતા, પિતા, પુત્ર, પત્ની તથા મિત્ર)ના મોક્ષાર્થે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા વિષ્ણુ-સહસ્ત્રનામની મહાપૂજાનું આયોજન સેક્ટર-૨૬, ગ્રીન સિટીના હનુમાનજી મંદિર ખાતે કરેલ હતુ. આ ધાર્મિક પ્રસંગે સેક્ટર-૨૬ના ૧૫૦થી પણ વધુ ભૂ-દેવોએ લાભ લીધો હતો. આ પૂજન વીધીમાં વ્યાસપિઠે એડવોકેટ ભરતભાઈ રાવલે સેવા આપવા બદલ તેમને ધાર્મિક પુસ્તક અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ધર્માચાર્ય તરીકે રતીભાઈ રાવલ, અનિલભાઈ જાની, વિષ્ણુભાઈ જાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ કારોબારીના સર્વે હોદ્દેદારો, બ્રહ્મસમાજના સલાહકારોએ તેમજ પરશુરામ સેનાના મિત્રોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

આ ઉમદા કાર્યક્રમમાં આટલી મોટી સંખ્યામાં હાજરી આપવા બદલ પ્રમુખ કેતનભાઈ પંડ્યાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધી મિત્ર વર્તુળ દ્વારા ગાંધીજીવન દર્શનનો કાર્યક્રમ યોજાશે

સેકટર-૨૩ સ્થિત કડી સાર્વજનિક કેળવણી મંડળના બ્રહ્માણી કૃપા હોલ ખાતે આગામી તા. ૧૮ ઓકટોબરના રોજ બપોરે ૩.૦૦ કલાકે ગાંધી જીવન દર્શનનો કાર્યક્રમ યોજાશે. જેમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ વરિષ્ઠ ગાંધીજનોનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા મુખ્ય વકતા તરીકે નિવૃત્ત આઈ.એ.એસ. વસંતભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન ડૉ. વર્ષા પારેખ દ્વારા કરવામાં આવશે.

# વૈદિક મંત્રોચ્ચારના ધ્વનિ સાથે રંગેચંગે નવરાત્રીનો પ્રારંભ

## શુભ મુર્હતમાં મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મા ભગવતી દુર્ગાનું પ્રથમ નોરતે આહવાન થયુ : આજે બીજા નોરતે બ્રહ્મચારિણી સ્વરૂપનું પૂજન

ગાંધીનગર, તા.૧૩

આસો સુદ એકમથી મા જગદંબા દેવીની આરાધના અને ઉત્સવના સંગમ સમી નવરાત્રીનો વૈદિક મંત્રોચ્ચારના ધ્વનિ સાથે રંગેચંગે પ્રારંભ થયો હતો. પ્રથમ નોરતે મા ભગવતી દુર્ગાના શૈલપુત્રી સ્વરૂપનું પૂજન કરવામાં આવ્યું હતું. માતાજીના જવેરા વચ્ચે ઘટસ્થાપન કરી આરતી, સ્તુતી, વિવિધ ધાર્મિક વિધિ કરી શુભમુર્હતમાં મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીનું આહવાન કરાયું હતું. આજે બીજા નોરતે બ્રહ્મચારિણી સ્વરૂપનું પૂજન કરવામાં આવશે. જયારે પ્રથમ નોરતાની રઢીયાળી રાતે ગરબે ઘુમીને સૌ કોઈએ આદ્યશકિતના ઓવારણાં લીધા હતા.

શકિતની આરાધનાના પર્વ નવરાત્રીનો ધાર્મિક વાતાવરણ વચ્ચે પ્રારંભ થયો હતો. નવ દુર્ગાના પૂજન-અર્ચન, જપ-તપ, વ્રત-અનુષ્ઠાન કરનાર શ્રધ્ધાળુઓએ સંકલ્પ લઈ પોતાનું આ કાર્ય આરંભી દીધું છે. પ્રથમ નોરતે શૈલપુત્રી સ્વરૂપનું પુજન કરવામાં આવ્યું હતું. જેમાં આસન, પાદ્ય, અર્ધ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, અત્તર, અક્ષત, પુષ્પ, સૌભાગ્યદ્રવ્ય, ધુપ-દીપ, નૈવેદ્ય, ઋતુફળ, મુખવાસ, નિરાજન, પુષ્પાંજલિ, પ્રદક્ષિણા, પ્રાર્થના અને ક્ષમાભાવથી વિધિપૂર્વક શ્રધ્ધાભાવે પૂજન કરવામાં આવ્યું હતું. મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીના મુળ સ્વરૂપોનું પણ પૂજન કરી નવરાત્રીનો પ્રારંભ થયો હતો.

આજે બીજા નોરતે માતાજીના બ્રહ્મચારિણી સ્વરૂપનું પૂજન કરવામાં આવશે. માતા બ્રહ્મચારિણીએ શ્વેત વસ્ત્રો પહેર્યા છે. તેમના જમણા હાથમાં અષ્ટ દલની જપમાળા તથા ડાબા હાથમાં કમંડળ શોભે છે.



શકિત સ્વરૂપા દેવી ભગવાન મહાદેવને પ્રાપ્ત કરવા માટે એક હજાર વર્ષ સુધી માત્ર ફળ ખાઈને અને ત્રણ હજાર વર્ષ સુધી માત્ર વૃક્ષ ઉપરથી પડેલા પાંદડા ખાઈને આકરી તપસ્યા કરી હતી. તેમની આ કઠોર તપસ્યાને કારણે તેઓ બ્રહ્મચારિણીના નામથી પ્રસિધ્ધ થયા. દેવી બ્રહ્મચારિણીના આ સ્વરૂપનું પૂજન વિધિપૂર્વક કરનાર સાધકના તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદ્ગુણોમાં વૃદ્ધિ થાય છે. માતાજીની જુદી જુદી પૂજન વિધિમાં પંચોપચાર, દશોપચાર અને ષોડશોપચાર પૂજન વિધિ નવરાત્રીમાં થાય છે. નવરાત્રી દરમિયાન દુર્ગાસપ્ત સતીનો પાઠ કરવાની મહત્વતા વર્ણવી છે. આસો નવરાત્રી ધાર્મિકતાની સાથે ઉત્સવ તરીકે પણ મનાવવામાં આવે છે. માતાજીના વ્રત, જપ, તપ અને અનુષ્ઠાન સિવાય રાત્રીએ માતાજીના ગરબા ગાવાનો પણ અનોખો મહિમા છે. જે પ્રથમ નવરાતથી જ ગરબે ઘુમનારાઓના હરખ પરથી જ પ્રતિતિ થઈ રહી હતી.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# નરેન્દ્ર મોદી વિચાર મંચની મહિલા શાખાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી વિચાર મંચની પ્રદેશ મહિલા શાખાની બેઠક મળી હતી. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી બહેનો ઉપસ્થિત હતી. પ્રદેશ મહિલા શાખા સંયોજકશ્રી અંજનાબેન પટેલના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.

મહિલાઓને માર્ગદર્શન આપવા માટે આર.એસ.એસ.ના પ્રચારક શ્રી વિરેન્દ્રજી તેમજ રાષ્ટ્રીય મહામંત્રીશ્રી નરેન્દ્રભાઈ પંચાલ પ્રદેશ મહામંત્રીશ્રી ઉમેશભાઈ ત્રિવેદી અને હોદ્દેદારો હાજર રહ્યા હતા. માર્ગદર્શન આપી બહેનોને પ્રોત્સાહિત કરેલ હતી. રાષ્ટ્રીય મહિલા સંયોજક ડૉ. રેખાજી ગુર્જર એ ઓડીયોના માધ્યમથી શુભેચ્છા પાઠવી હતી.

અંજનાબહેન પટેલે મોદી વિચારમંચના માધ્યમથી વાચા આપવા ટીમ સાથે મળી કામ કરવા જણાવેલ હતું. છેવાડાઓના માનવી સુધી યોજનાઓ વાકેફ કરવા જણાવેલ હતું. આભારવિધિ મહામંત્રી અંકિતા પ્રજાપતિએ કરેલ હતી.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ બાલુબેન તખાજી, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર બબીબેન બબાજી, ઉ.વ. ૮૫
- સ્વ. ઠાકોર ફતાજી સોમાજી, ઉ.વ. ૫૫